**મૂળે એક પાલતુ કૂતરો નધણિયાતો બની ગયો. એક ઘરમાંએને આશરો મળ્યો અને એ ઘરવાળાંએ કૂતરાના માલિકની શોધ આદરી. જણાયું કે એનું ઘર તો બેત્રણ દિવસથી બંધ છે. એટલે પોલીસને જાણ કરવામાં આવી. પોલીસે પાંચ નાગરિકોની હાજરીમાં બારી ખેડવીને એ ઘરમાં પ્રવેશ કર્યો. અંદર પલંગ પર એક મૃતદેહ પડયો હતો, પણ... પણ...**

# સામે ચાલીને મારે ઘેર આવનાર કૂતરાને રાખવાનો મને હક ખરો?


## પરદેશી!-1

### રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

જાણકારો કહે છે કે મૂળે જ્ઞાતિઓ તો ચાર જ હતી; પરંતુ પછી વિવિધ કારણોસર વિવિધ જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી. દાખલા તરીકે NRIની જ્ઞાતિ! નોન-રેસીડેન્ટ ઈન્ડિયન! એ થોડો સમય અમેરિકામાં રહે અને વિશિષ્ટ લક્ષણો વિકસાવે. પિઝા-છાપ રહેણીકરણી, પડોશીઓ સાથે આભડછેટ, અભિમાન, તોછડાઇ વગેરે વડે એ તદ્દન નિરાળી જ્ઞાતિ બની રહે છે. એ અમેરિકાથી દલ્લો કમાઈને પાછો ભારતમાં રહેવા તો લાગે છે, પણ અહીં પણ પરદેશી બની રહે છે. ચડ્ડા પહેરે છે. કૂતરા પાળે છે. દરરોજ સાંજે કૂતરાને લઈને ફરવા નીકળે છે. સોસાયટીના કાર્યક્રમોથી દૂર રહે છે. પણ... પણ ક્યારેક ચોર-લૂંટારા-ધુતરાના શિકાર બની જાય છે. આવા એક દેશી 'પરદેશી'ની વાત અહીં માંડવી છે. પરંતુ વાત એક અલગ જ પ્રકારના પરદેશીથી શરૂ થાય છે. એ પરદેશી એક પેકિનીઝ કૂતરો છે. ચીનાઇ કૂતરો.

વાત ગયા જાન્યુઆરીની આખર તારીખોની છે. સખત ઠંડીની એ રાત લગભગ અર્ધી વીતી ચૂકી હતી ત્યારે સર્વોદય સોસાયટીમાં રહેતા એક સરકારી કર્મચારી અનિમેષ ગાંધી કશાક અસાધારણ અવાજથી જાગી ગયા. એમણે એ અવાજ પારખવાની કોશિશ કરી. મકાનના પાછલા ભાગે આવેલા રસોડા તરફથી કોઈ કુરકુરિયાના રડવાનો અવાજ આવતો હતો. વચ્ચે વચ્ચે જાણે બારણાને નહોર ભરાવવામાં આવ્યા હોય એવું પણ જણાતું હતું. કુરકુરિયું ઠંડીનું માર્યું રડતું હોય એવું સ્પષ્ટ જણાતું હતું.



અનિમેષભાઈએ ઘણી વાર સુધી તો એ અવાજો સાંભળ્યા જ કર્યા. એમને આશા હતી કે કુરકુરિયું બે-પાંચ વાર નહોર ઘરસે બીજે નસીબ અજમાવવા જતું રહેશે, પણ એ કુરકુરિયું પણ પેલા પત્રકારો જેવું નીકળ્યું. એણે રડવાનું અને નહોર ઘસવાનું ચાલુ જ રાખ્યું. એટલે અનિમેષભાઈએ આખરે એક નિસાસો નાખ્યો. ઓઢવાનું ઓઢ્યું. પગમાં સ્લીપર પહેર્યા. પછી જઈને રસોડાનું બારણું ખોલ્યું. બહાર, મ્યુનિસિપલ બત્તીના પ્રકાશમાં એણે જોયું બહાર કાંઉ-કાંઉ કરતું જે જાનવર ઊભું હતું તે કુરકુરિયું નહોતું. એ તો પેકીનીઝ જાતું કૂતરું હતું. એ પૂછી ઉંમરનું હોય ત્યારે ય પચીસ ત્રીસ સેન્ટીમીટરથી વધુ ઊંચાઈ ધારણ કરતું નથી. લાંબા વાળ અને અણિયાળા મોં વાળું, અંધારે બિલાડી જેવું લાગે એવું આ કૂતરું જગતના મોંઘામાં મોંઘા કૂતરાઓમાં ગણાય છે. કૂતરાં ઉછેરવાની અને રમાડવાની જેમને ફુરસદ છે એવા નવરા લોકોના વર્ગમાં પેકીનીઝનું ઘણું માન હોય છે.

પણ આ કાંઉ-કાંઉ રોતા કૂતરાને જોઈને અનિમેષભાઈને આવા કશા વિચાર ન આવ્યા. એ ખરેખરા પ્રાણીપ્રેમી સજ્જન હતા. બાપડા કૂતરાને હિમાળા/શિયાળાની રાતે આમ રડતું જોઈને પ્રથમ તો એમણે એને ઘરની અંદર લીધું. બારણું બંધ કર્યું. કૂતરું અંદર આવીને એક ખૂણે લપાઈ ગયું, પણ અનિમેષભાઈએ જોયું કે બિચારું હજુ ટાઢે થથરે છે. એની આંખોમાં ઓશિયાળ ભરી છે. અનિમેષભાઈનાં

**ઘણા આત્મસંવાદ પછી સરલાબેને નક્કી કર્યું કે કૂતરાના મૂળ માલિકને શોધવાનો અને કૂતરું એને સોંપવાનો અમારો ધર્મ છે**

પત્ની સરલાબેન વાનાં દર્દી. એટલે ઠંડી બહુ સહન થાય નહીં. આથી રસોડામાં એમણે વીજળીનું હીટર મુકાવેલું. અનિમેષભાઈએ એ હીટર ચાલુ કર્યું. થોડી વારમાંએની ગરમી મળતાં કૂતરું જરાક નિરાંતવું થયું. પરંતુ વિશેષ કશી ગતિ એનામાં દેખાઈ નહીં. એની હાલત પરથી લાગ્યું કે એને ભૂખ પણ લાગી છે. એટલે અનિમેષભાઈ બબડ્યા, સરલાએ બધું દૂધ મેળવી દીધું ન હોય તો સારું. 'ફ્રીઝમાં જોયું. થોડુંક દૂધ એક તપેલીમાં પડ્યું હતું. તે એક બાઉલમાં કાઢીને કૂતરા સામે મૂક્યું. કૂતરું એ બધુંય દૂધ ચપચપ ચાટી ગયું. એ દરમિયાન અનિમેષભાઈએ બેચાર જૂના કોથળા શોધી કાઢ્યા. રસોડાની બહાર બે દીવાલોનો ખૂણો પડતો હતો ત્યાં બે કોથળા પાથર્યા. પછી કૂતરાને તેડીને એના પર મૂક્યું. અને બે કોથળા એને ઓઢાડ્યા. કૂતરું ચૂપચાપ સૂઈ ગયું. વળતી સવારે એમણે સરલાબેનને આ વણનોતર્યા મહેમાનની વાત કરી. સરલાબેને ઝટપટ બહાર જઈને પેકીનીઝને જોયું. 'વાહ! કેટલું નાજૂક નમણું કૂરું છે! કોનું હશે?'

'જેનું હશે તે ખૂબ ધનવાન હશે. કહે છે કે આવાં કૂતરાંની કિંમત હજારો રૂપિયા હોય છે.' અનિમેષભાઈએ જણાવ્યું. ત્યારે તો આપણે એના માલિકની શોધ કરીને એની સોંપણી કરી દેવી જોઈએ.' સલાબેને સૂચવ્યું. 'વાત તો સાચી, પણ કૂતરાને થોડું જ પુછાય કે ભાઈ તારા માલિકનું નામ શું છે?' તમે તો બહુ ડાહ્યા, ભાઈસાબ!' પતિના વ્યંગથી ખુશ થયા વગર સરલાબેન બોલ્યાં. એ તો સૌ જાણે છે કે પતિના વ્યંગ પર જગત આખું હસે તો ય પત્ની તો નાકનું ટીચકું જ ચડાવે છે. 'હવે નાહી પરવારીને નીકળો અને કૂતરું કોનું છે એની પૂછપરછ કરો. ત્યાં લગી હું એ બાપડાના ખાવા-પીવાનો કશો જોગ કરું.' એ આખી સવાર, ઓફિસે અર્ધો કલાક મોડા પડવાનું જોખમ વહોરીનેય અનિમેષભાઈએ પછૂપરછો કરી. પરંતુ નજીકના પડોશમાં તો પેકીનીઝ પાળી શકે એવું કોઈ ન મળ્યું. એટલું જ નહીં, આ પેકીનીઝ કોનું હોઈ શકે એ જણાવે એવું પણ કોઈ ન જડ્યું.

અનિમેષભાઈ ઓફિસે ગયા અને આખો દિવસ આ કૂતરાની સારસંભાળ કરતાં કરતાં સરલાબેન તો આ નાનકડા કૂતરા પર પ્રસન્ન થઈ ગયાં. મનોમન ઝંખવા લાગ્યાં કે આના માલિકનો પત્તો જ ન મળે તો સારું! પરંતુ એ જ મોડી બપોરે એક ફેરિયો ઝાડૂ વેચતો નીકળ્યો. એણે સરલાબેનના ખોળામાં ટેસથી બેઠેલા પેકીનીઝને જોયું. એણે ઝીણી આંખો કરતાં પૂછ્યું, 'આ ટાબરિયું નહીં ક્યાંથી?' 'અહીં ક્યાંથી એટલે?' સરલાબેને ફેરિયાને પડકાર્યો.

'એટલે એમ કે... એને કપાળે આ થોડાક કાળા વાચ છે ને... બે પાંચ... એના પરથી ખ્યાલ આવ્યો કે... મેં કૂતરું રાજભવન સોસાયટીના એક બંગલામાં જોયું છે. ત્યાં જ એનું ઘર છે.'

'કોનું છે એ ઘર?'

'નામઠામની તો ખબર નથી, બેન, પણ કોઈ મોટી પાર્ટી લાગે છે. રાજભવન સોસાયટીમાં બંગલા નંબર બાર.'

ફેરિયાના ગયા પછી ઘણી વાર સુધી સરલાબેન મન સાથે મલ્લકુસ્તી કરતા રહ્યાં. કૂતરું જાતે જ મારે ઘરે આવ્યું હોય તો મને એને રાખી લેવાનો હક ખરો કે નહીં? એના માલિકે ખ્યાલ ન રાખ્યો હોય અને બાપડું ભૂખ્યું અને ટાઢે ઠસ્તુ આવે તો માલિકનો હક રદ થાય કે નહિ. આવી રીતે કૂતરું રાખવા બદલ અમારો વાંક ગણાય ખરો?

ઘણા આત્મસંવાદ પછી સરલાબેને નક્કી કર્યું કે કૂતરાના મૂળ માલિકને શોધવાનો અને કૂતરું એને સોંપવાનો અમારો ધર્મ છે. એમણે પતિને કહ્યું કે જાવ, રાજભવનમાં તપાસ કરો. એટલે એ સાંજે અનિમેષભાઈએ પેકીનીઝને એક છાબડીમાં મૂક્યું અને રાજભવનનો માર્ગ લીધો.

મકાન તરત જડી ગયું. પડોશીઓએ કહ્યું કે એમાં તારક દેસાઈ નામના સજ્જન રહે છે. એ કોણ છે એની તો બહુ ખબર નથી પણ છે અમેરિકાથી આવેલી માલદાર પાર્ટી... છે. આ પેકીનીઝ એમનું જ છે. તારક દેસાઈ ઘણી વાર એને લઈને આંટો મારવા નીકળે છે. ઘરડા માણસ છે. સાઠ ઉપરના જ હશે જ.

અનિમેષભાઈએ મકાન આગળ જઈને ઘંટડી વગાડી. જવાબ ન મળ્યો. વારંવાર ઘંટડી વગાડી. કોઈએ બારણું ન ઉઘાડ્યું. પછી મકાનની પાછળ જઈને ખખડાવી જોયું. ત્યાં પણ કોઈ ન ફરક્યું. એટલે એમણે એમણે નક્કી કર્યું કે તારકભાઈ બહારગામ ગયા હોવા જોઈએ. એટલે જ કૂતરું ભૂખ્યું તરસ્યું રહી ગયું હશે બાપડું. એ કૂતરાને લઈને ઘેર પાછા આવ્યા એટલે સરલાબેન તો ખુશ થઈ ગયાં. બબડ્યાં ય ખરાં, 'એ તારક ફારક પરદેશ જતા રહ્યા હોય તો સારું!' એમની દાનત કૂતરું રાખી લેવાની હતી, પરંતુ અનિમેષભાઈની પ્રામાણિકતા અતૂટ હતી. એમણે વળતી સવારે પણ રાજભવન સોસાયટીની મુલાકાત લીધી. આ વેળા પણ પેલું મકાન તો બંધ જ મળ્યું. પરંતુ આ વેળા એક પોલીસ જમાદાર એમને મળી ગયો. અનિમેષભાઈએ પેકીનીઝની પારાયણ જણાવી, 'જમાદાર! આ કૂતરું ફરતું ફરતું અમારે ત્યાં આવી ચડ્યું છે. તારકભાઈનું છે, પણ એ તો ક્યાંય દેખાતા નથી! ઘર બંધ છે.'

કોન્સ્ટેબલે ભવાં ચડાવ્યાં. 'તારકભાઈ બહારગામ ગયા હોય એવું તો લાગતું નથી. અગાઉ જ્યારે જ્યારે એ બહાર ગયા ત્યારે ઘરની ખબર રાખવાનું સોંપતા ગયા છે.'

'ઠીક છે. તમે પડોશીઓને કે બીજાઓને પૂછપરછ કરજો,' અનિમેષભાઈએ કહ્યું.

એટલે પોલીસ કોન્સ્ટેબલે રૂટીન પૂછપરછ શરૂ કરી. પ્રથમ તો બંગલે દૂધની થેલીઓ લાનાર છોકરાને પૂછ્યું. એ કહે કે પાંચ દિવસ અગાઉ મને આગલે બારણે ભરાવેલી ચિઠ્ઠી મળી છે. છોકરાએ ચિઠ્ઠી આપી પણ ખરી. એમાં લખ્યું હતું. 'કહીએ નહીં ત્યાં સુધી દૂધ લાવશો નહીં.' આનો અર્થ તો એ થાય કે તારક દેસાઈ બહારગામ ગયા છે. જો કે નજીકના ગાંધીને, ધોબીને, શાકવાળાને, કોઈનેય આવી સૂચના નહોતી. ગાંધીએ જણાવ્યું કે દર ગુરુવારે તારકભાઈને ઘેરથી ખરીદીની ચિઠ્ઠી આવતી, આ વખતે શુક્રવાર થઈ ગયો તોય યાદી આવી નથી.

તારકભાઈ એકલા રહેતા હતા કે કોઈની સાથે, એવા પ્રશ્નના ઉત્તરમાં જાણવા મળ્યું કે ઈશ્વરભાઈ નામના એક ભાઈ એમને બંગલે રહેતા. એ રસોઈયા, નોકર, મુનીમ, સઘળી ભૂમિકાઓમાં કામ કરતા. એ પણ હાજર ન હોતા. ઈશ્વરભાઈને પડોશમાં કોઈ ઓળખતું નહોતું. એના વતનની કે સ્વભાવની કોઈને જાણ નહોતી.

શેઠ અને નોકર બંને એક સાથે ગેરહાજર થઈ ગયા અને પેકીનીઝ કૂતરું અનાથ બની ગયું. એમાં કોન્સ્ટેબલને ચિંતાનાં બીજ જણાયાં. એણે પોતાના વોર્ડના પોલીસ ઈન્સ્પેકટ દિનકર દેસાઈને વાત કરી. દિનકરે એની સાથે બીજા ત્રણ માણસ મોકલ્યા. એમણે પડોશના પાંચ ગૃહસ્થોની હાજરીમાં એક બારી ખેડવીને મકાનમાં પ્રવેશ કર્યો અને અને અંદર એમણે પલંગ પર એક પુરુષને મરણ પામેલી હાલતમાં પડેલો જોયો અને સૌના આશ્ચર્યની વાત એ હતી કે તારક દેસાઈના ઘરમાં તારક દેસાઈના પલંગ પર મરણ પામેલો મળી આવેલો એ માણસ તારક દેસાઈ નહોતો?

***(વાચક મિત્રોરૂ. ગુનાશોધકોની આકરી કસોટી કરનાર આ કથા આવતે અઠવાડિયે આગળ અને ગત અઠવાડિયાના જીવન ચરિત્રનો કશો ઉકેલ શોધવાનો નથી.)***